# જનસંપર્ક અધિકારી (પી.આર.ઓ.)

જનસંપર્ક અધિકારી (પી.આર.ઓ.) તેમના ગ્રાહકોની પ્રતિષ્ઠા અને છબીનું સંચાલન કરવા માટે જવાબદાર છે. તેઓ ફક્ત તેમના ગ્રાહકોની સકારાત્મક અને વિશ્વાસપાત્ર છબીનો જ પ્રચાર-પ્રસાર નથી કરતા , પરંતુ આયોજિત ઝુંબેશ દ્વારા આ માટે સમર્થન પણ મેળવે છે. પી.આર.ઓ. તેમના ધ્યેયને હાંસલ કરવા માટે ઘણીવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ, અખબારો, ટેલિવિઝન અને સામયિકોનો ઉપયોગ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને ટીમમાં કામ કરવું પસંદ છે
- તમને લોકોને સમજાવવાનું ગમે છે
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમે વિગતો પર ધ્યાન આપો




આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. પત્રકારિત્વ અને માસ કોમ્યુનિકેશનમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં એડવર્ટાઈઝીંગ મેનેજમેન્ટ અને પબ્લિક રિલેશન્સમાં એમ.બી.એ. કરો અથવા પબ્લિક રિલેશન્સમાં પી.જી. ડિપ્લોમા અથવા આર્ટ્સમાં એડવર્ટાઈઝીંગ અને પબ્લિક રિલેશન્સમાં અનુસ્નાતક(MA)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

જનસંપર્ક અધિકારીનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૫,૦૦૦ થી ૪૯,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત : https://bit.ly/3ZOV7gz

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** વિજ્ઞાપન અથવા માર્કેટિંગ એજન્સીઓ, કન્સલ્ટન્સી, કાનૂની સેવાઓ આપતી વ્યાવસાયિક સંસ્થાઓ તેમજ રિટેલર્સ, વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમારે સજાગ રહેવાની જરૂર પડશે. તમારે ટીમને સંભાળવી પડી શકે છે અને કામ માટે મુસાફરી કરવી પડી શકે છે. તમે અઠવાડિયાના ૬ દિવસ દરરોજ ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે. તમારે શિફ્ટ મુજબ કામ કરવું પડી શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જનસંપર્ક અધિકારી → વરિષ્ઠ જનસંપર્ક અધિકારી → ટીમ લીડ, જનસંપર્ક → જનસંપર્કના વડા → જનરલ મેનેજર → કંપનીના વડા/સી.ઈ.ઓ.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પબ્લિક રીલેશન્સ ઓફિસર, એક્ઝીક્યુટીવ, પી.આર. ઓફિસર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ માસ કોમ્યુનિકેશન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન, નવી દિલ્હી
૨. લેડી શ્રી રામ કોલેજ ફોર વુમન, નવી દિલ્હી
૩. હિન્દુ કોલેજ, નવી દિલ્હી
૪. હંસ રાજ કોલેજ, નવી દિલ્હી
૫. એમ.એસ.યુ., વડોદરા
૬. ગાર્ગી કોલેજ, નવી દિલ્હી
૭. સ્કૂલ ઓફ બ્રોડકાસ્ટિંગ એન્ડ કોમ્યુનિકેશન, મુંબઈ
૮. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. ક્રાઇસ્ટ યુનિવર્સિટી, બેંગ્લોર
૩. મુદ્રા ઇન્સ્ટિટ્યુટ ઓફ કોમ્યુનિકેશન, અમદાવાદ
૪. જય હિંદ કોલેજ, મુંબઈ
૫. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા
૬. સિમ્બાયોસિસ ઇન્સ્ટિટ્યુટ ઓફ મીડિયા એન્ડ કોમ્યુનિકેશન, પુણે
૭. દિલ્હી સ્કૂલ ઓફ કોમ્યુનિકેશન, નવી દિલ્હી
૮. પારુલ યુનિવર્સિટી, વડોદરા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/nou23_ge15/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**મૌનમ રવિ** તમિલ ફિલ્મ ઉદ્યોગ માટે જનસંપર્ક અધિકારી છે. તેઓ ૯૬, સ્કેચ, કદંબન, પ્યાર પ્રેમા કાધલ અને બાના કાથડી સહિતની અનેક બ્લોકબસ્ટર ફિલ્મો સાથે સંકળાયેલા છે.*

સ્ત્રોત : http://bit.ly/3Gza8dq

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.